# સે-૨માં ઘરમાં ઘુસીને કુરિયર બોય ચેઈન સ્નેચિંગ કરી ગયો...!!

## મહિલા કાગળ પર સહી કરવા રહી તેટલામાં ગળે હાથ મારીને ભાગ્યો : દોરો પડી ગયો ને સોનાનું પેંડલ ગયું...!

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચેઈનસ્નેચિંગ ના બનાવો ચિંતાજનક બન્યા છે. પહેલા રસ્તા પર એકલ દોકલ જતી મહિલા કે વૃદ્ધા ને ટાર્ગેટ બનાવાતી હતી જયારે આવે તો ચેઈન સ્નેચર્સ ની હિંમત એ હદે વધી ગઈ છે કે ઘર માં ઘુસી ને ગુનો કરતા પણ અચકાતા નથી. સે.૧૨ ના થોડા દિવસો અગાઉ ઘર ની બારીએથી હાથ મારીને એક શખ્સ દોરો ખેંચી ગયો હતો ત્યાર બાદ વધુ એક કિસ્સો ચેઈન સ્નેચર ની હિંમતને દાદ આપે તેવો સે.૨ ખાતે આજે ધોળે દિવસે બનતા પોલીસ ની પેટ્રોલિંગ તથા ધાક પર પાણી ફરી વળ્યું છે.

શહેરના સેક્ટર ૨-ડી પ્લોટ નં.૧૭૧૪/૨ ખાતે રહેતા રંજનબા વિક્રમસિંહ ચૌહાણ આજે પોતાના ઘરે એકલા હતા ત્યારે બપોર ને પોણા બે વાગ્યા ના આરસા માં આશરે ૨૫ વર્ષ ના યુવાન તેમના ઘરે આવ્યો અને ડોર બેલ વગાડયો..! રંજનબા એ દરવાજો ખોલી ને જોયું તો એક કુરિયર બોય ઉભો હતો.અંજલી કુરિયર્સ માંથી આવ્યો છુ. તમારું કુરિયર છે કહીને એક પાર્સલ આપી કુરિયર બોયે સહી કરાવવા કાગળ તેમને ધર્યુ. રંજનબા સહી કરતા હતા તેટલા માં કુરિયર બોયે તેમના ગળામાં હાથ મારી પહેરેલો સોના નો દોરો ખેંચી તે શખ્સ ભાગવા ગયો. જો કે હાથ માંથી દોરો છટકી ગયો પણ સોના નું પેંડલ હાથ માં રહી ગયું હતું.પા તોલા વજન નું પેંડલ લઈને તે શખ્સ બહાર પડેલા લાલ રંગ નું બાઈક લઈને ભાગી ગયો હતો. બુમાબુમ થતા આસપાસ ના લોકો દોડી આવ્યા હતા પણ ત્યાં સુધીમાં ચેઈનસ્નેચર રફૂચક્કર થઈ ગયો હતો. રંજનબા ની ફરિયાદ લઈ સે.૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# પરિણિતાને ટક્કર મારી બાઈક ચાલક છેડતી કરીને ભાગી ગયો

## બાઈક નંબરને આધારે પરિણિતાની પોલીસ ફરિયાદ : અગોરા મોલ સામે બનેલો બનાવ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર પાસે ના કોબા-ઈન્દીરાબ્રીજ જતા માર્ગ પર ગઈ કાલે એક પરિણીતા ને બાઈક ચાલક યુવાને ટક્કર મારી દીધી હતી.પરિણીતા એ જોઈ ને વાહન ચલાવવા ટકોર કરતા યુવાન તેમની જોડે પહોચી ગયો અને શારીરિક અડપલા કરીને બાઈક લઈ ભાગી ગયો હતો.પરિણીતા એ બાઈક નંબર નોંધી તેના આધારે તે અજાણ્યા શખ્સ સામે અડાલજ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી આરોપી ની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા અગોરા મોલ ની સામે સર્કલ પાસે ગઈ કાલે બેફામ ગતિ એ નીકળેલા બાઈક ચાલકે ત્યાંથી પસાર થતી અમદાવાદ ની એક પરિણીતા ને અડફેટે લઈ લેતા તે ઘાયલ થઈ હતી.અકસ્માત બાદ ઉશ્કેરાયેલી ઈજાગ્રસ્ત મહિલા એ તે બાઈક ચાલક ને બાઈક ધીમે ચલાવવા તથા સંભાળી ને ચલાવવા ટકોર કરી હતી.ટકોર સંભાળી ને અકસ્માત કરનાર બાઈક ચાલક શખ્સ માફી માંગવા ને બદલે તેની સામે થઈ ગયો હતો.હદ તો તેને ત્યાં વટાવી કે ઈજાગ્રસ્ત પરિણીતા ને દવાખાને લઈ જવાને બદલે તે શખ્સે છેડતી કરી..! શારીરિક અડપલા કરીને તે શખ્સ બાઈક પર બેસીને નાસી છુટ્યો હતો.પરિણીતા એ બાઈક નો નંબર નોંધી લીધો હતો.બાઈક નંબર ને આધારે તે અજાણ્યા શખ્સ સામે અડાલજ પોલીસ મથક માં પરિણીતા એ ફરિયાદ આપતા પોલીસે છેડતી નો ગુનો નોંધી ડી તપાસ શરુ કરી છે.

# નભોઈ કેનાલમાં ઝંપલાવી બાપુનગરના આધેડે જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલી નાભોઈ નર્મદા કેનાલ માંથી આજે બપોરે એક આધેડ નો તરતો મૃતદેહ મળી આવ્યો હતો.પોલીસે તપાસ કરતા અમદાવાદ ના બાપુનગર વિસ્તાર ના આધેડ નો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. અડાલજ પોલીસે તેના પરિવારજનો ને જાણ કરી બોલાવી લીધા હતા.અકસ્માત મોત નો ગુનો નોંધી પોલીસે આપઘાત નું કારણ બહાર લાવવા તજવીજ હાથ ધરી છે.

નભોઈ નર્મદા કેનાલ ના સિકયુરિટી સુપરવાઈઝર ને પેટ્રોલિંગ દરમ્યાન નભોઈ કેનાલ માંથી અજાણ્યા પુરુષ ની લાશ મળી આવતા પોલીસ ને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથક ના જમાદાર ભીખાભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે અમદાવાદ ના બાપુનગર વિસ્તાર માં રહેતા ૫૫ વર્ષીય ઈસ્માઈલભાઈ મંછારભાઈ સંધી નો મૃતદેહ છે.ઘણા સમય થી માનસિક બીમારી ની દવા તેમને ચાલતી હતી.ગઈ કાલે બપોરે જમીને ઘરે થી કયાંક ચાલ્યા ગયા હતા.પરિવારજનો ને કરેલી શોધખોળ બાદ પણ ક્યાય થી પત્તો લાગ્યો ન હતો.દરમ્યાન આજે નભોઈ કેનાલ માંથી તેમની લાશ મળી આવી હતી.પોલીસે લાશ નું પી.એમ કરાવી આપઘાત નું કારણ જાણવા વધુ તપાસ શરુ કરી છે,-નથમિક તપાસ માં બીમારી થી કંટાળી ને આપઘાત કર્યો હોવાનું ખુલ્યું છે.

# ગાયત્રી શક્તિપીઠ ખાતે મૌન સાધના કેન્દ્ર શરૂ કરાયું

## દર મહિનાની ૧લી થી ૫ મી સુધી મૌન સાધના કરાવાશે : પહેલા સત્રમાં ૧૮ સાધકોએ ભાગ લીધો જેમાં ૧૧ મહિલા સાધકો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સેક્ટર-૧માં આવેલ ગાયત્રી શક્તિપીઠ ખાતે 'મૌન સાધના કેન્દ્ર'નું ઉદ્ઘાટન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન હરિદ્વાર ખાતેના શાંતિકુંજના વરીષ્ઠ પ્રતિનિધિ અને મનીષી વીરેશ્વર ઉપાધ્યાયના હસ્તે કરાયું હતું. જેમાં રાજયભરમાંથી આવેલા સાધકોએ મૌન સાધના માટે સંકલ્પ કર્યો હતો.

હરિદ્વારના શાંતિકુંજમાં ચાલી રહેલા અંતઃ ઉર્જા સાધના સત્રો ગુજરાતમાં પણ પ્રાદેશિક કક્ષાએ ચલાવવા માટે સેક્ટર-૧માં આવેલ ગાયત્રી શક્તિપીઠના પહેલા માળે મૌન સાધના કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં તેમજ મૌન સાધનાના પ્રથમ સત્રમાં ભાગ લેવા ગુજરાતભરમાંથી ૧૮ સાધકોએ સંકલ્પ લીધો હતો. આ સાધકોએ પાંચ દિવસની મૌન સાધના માટે સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ઝોનના ગાયત્રી શક્તિપીઠના પ્રભારી રાજુભાઈ દવે અને ગીરીશભાઈ પટેલ સહિત જિલ્લાની ત્રણેય શક્તિપીઠોના અગ્રણીઓ અને અનેક વરિષ્ઠ કાર્યકરો તેમજ પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

મૌન સાધના કેન્દ્રમાં પ્રથમ સત્રમાં કુલ ૧૮ સાધકોએ મૌન સાધના માટે સંકલ્પ લીધો હતો. જેમાં ૭ પુરૂષો અને ૧૧ મહિલાઓ હતી. આ પાંચ દિવસીય સાધના હરિદ્વાર શાંતિકુંજની પ્રણાલી મુજબ ચલાવવામાં આવી હતી. આ સાધના દરમ્યાન આસ્વાદ ભોજન, આયુર્વેદિક કલ્ક અને ઔષધીઓની ચટણીનું સેવન કરાવડાવામાં આવ્યું હતું. સાધકોનો બાહ્ય જગત સાથે સંપર્ક ઘટાડી અંતરજગતની યાત્રા કરાવવાનો પ્રયાસ કરાયો હતો. તેમજ પ્રાણાયામ, ધ્યાન અને મુદ્રાઓ મારફતે સાધકોની આંતરિક ઊર્જા જગાડીને તેનું આત્મ નિર્માણ અને તે દ્વારા સમાજ નિર્માણ પર ભાર મુકવામાં આવ્યો હતો.

ગાયત્રી શક્તિપીઠ દ્વારા આ મૌનસાધના કેન્દ્રમાં દર મહિનાની ૧લી તારીખથી ૫મી તારીખ દરમ્યાન આ સત્રો ચલાવવામાં આવશે. આવતા મહિને શરૂ થઈ રહેલી બીજી મૌન સાધના માટે અત્યાર સુધીમાં ૮ સાધકોના નામ નોંધાઈ ચુકયા છે.

# ૧૨૦ ફુટ ઉંડા કૂવામાં ઉતરીને ફાયરમેને મહિલાનો મૃતદેહ કાઢ્યો

## માણસના રિદ્રોલ ગામનાં એક કૂવામાં સામાન્ય અસ્થિર મગજની મહિલા પડી ગઈ હતી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જીલ્લા ના માણસા તાલુકા વિસ્તારમાં સ્થિત રિદ્રોલ ગામ માં સામાન્ય અસ્થિર મગજ ની મહિલા મંગુબેન મણીલાલ પટેલ બે દિવસ થી લાપતા હતી.પરિવારજનો એ કરેલી શોધખોળ બાદ પણ તેણી નો ક્યાય થી પત્તો મળ્યો નહતો. દરમ્યાન આજે ગામ ના જ એક ૧૨૦ ફૂટ ડા કુવા માં તેનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા પરિવારજનો એ ગાંધીનગર ફાયરબ્રિગેડ ને જાણ કરી બોલાવી લીધી હતી.

ફાયરમેન દિનેશ ચૌધરી જીવ ના જોખમે ડા અવાવરું કુવા માં ઉતર્યા હતા અને મહિલા નો મૃતદેહ બહાર કાઢી પરિવારજનો ને સોંપ્યો હતો. માણસા પોલીસે અકસ્માત મોત નો ગુનો દાખલ કરીને આ ગુના ની તપાસ આરંભી છે.

# આજે રેશનલ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૧૧

રેશનલ સમાજ ગાંધીનગર માસિક બેઠક તા. ૧૨ એપ્રિલ શનિવાર સાંજે ૫-૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સેકટર-૨૩ ખાતે યોજવામાં આવશે. બેઠકમાં રેશનલ મિત્રો દ્વારા અંધશ્રધ્ધા વિષય પર પોતાના અનુભવોની ચર્ચા કરાશે. સર્વે સભાસદ મિત્રોએ બેઠકમાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરના નગરજનોએ સહી ઝૂંબેશ થકી વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતના મતદાર હોવાનો ગર્વ અનુભવ્યો

ગાંધીનગર, તા. ૧૧

મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા, મતદાતાઓને મતદાન માટે -ોત્સાહિત કરવા અને






મતદાન માટે યુવા મતદારોને -રિત કરવાના ઉમદા આશયથી આજરોજ જિલ્લાના વિવિધ સ્થળોએ સહી ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર શહેરના વિવિધ સ્થળો સહિત ચાર તાલુકાના મુખ્ય મથકો અને નગરપાલિકા વિસ્તારમાં સહી ઝુંબેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સહી ઝુંબેશમાં યુવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સહી કરીને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતના મતદાર હોવાનો ગર્વ અનુભવ્યો હતો.

મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ કેળવાય અને રાજયમાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણીની મતદાન તારીખ ૩૦મી એ-િલની સ્મૃતિ કરાવવાના ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર જિલ્લાના વિવિધ સ્થળોએ સહી ઝુંબેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ સહી ઝુંબેશ કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓ, સન્માનનીય નાગરિકો, વેપારીઓ, કર્મચારીઓ, યુવા મતદાતાઓ વગેરેએ પોતાની સહી કેન્વાસ પર કરી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર શહેરમાં દિવસ દરમ્યાન ૩૫ સ્થળોએ સહી ઝુંબેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારના ૭ થી ૯ કલાક સુધી સહી ઝુંબેશનો કાર્યક્રમ પુનિતવન, ઈન્દ્રોડા પાર્ક, સેકટર- ૨૮ ગાર્ડન, એસ.ટી. બસ સ્ટેન્ડ અને સેકટર- ૨૧ જીમખાના ખાતે યોજાયો હતો. તે પછી સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન સહી ઝુંબેશનો કાર્યક્રમ નવા સચિવાલય, જુના સચિવાલય, ઉદ્યોગભવન, એમ.એસ.બિલ્ડીંગ, સિવીલ હોસ્પિટલ, પોલીસ ભવન,પાટનગર યોજના ભવન, અરણ્યભવન, પથિકાશ્રમ, પીડીપીયુ, ડીએઆઈઆઈસીટી, હોટલ મેનેજમેન્ટ, આઈઆઈટી અને ઈડીઆઈ ખાતે યોજાયેલ સહી ઝુંબેશ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. તેમજ સાંજના સુમારે સેન્ટ્રલ વિસ્ટા, સેકટર- ૨૧, ૨૪ અને ૭ શાકમાર્કેટ, સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં, ડી માર્ટ સામે અને ઈન્ફોસીટી ખાતે સહી ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન દહેગામ, માણસા અને કલોલની તાલુકા પંચાયત અને નગરપાલિકા ખાતે સહી ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો.

મતદાર જાગૃતિ માટેના આ અનેરા કાર્યક્રમમાં લોકો ઉત્સાહ પૂર્વક સહી કરતા નજરે પડતા હતા.

# રાજયના મુખ્ય નિર્વાચીન અધિકારી અનિતા કરવલ સહી ઝૂંબેશમાં જોડાયા




ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોમાં તેમના અમૂલ્ય મત અંગેની જાગૃતિ અર્થે આજરોજ સમગ્ર નગરમાં સહી ઝુંબેશના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સહી ઝુંબેશ કાર્યક્રમ ગાંધીનગરના નવા સચિવાલયના બ્લોક ૭ના ભોયતળિયે યોજાયેલ સહી ઝુંબેશ કાર્યક્રમમાં રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલ સહી કરીને આ ઝુંબેશમાં જોડાયા હતા. સહી ઝુંબેશમાં અનેક ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉત્સાહ પૂર્વક સહી કરી હતી. પોતે લોકશાહી દેશનો મહત્વનો મતદાન હક્ક ધરાવતા હોવાનું ગૌરવ વ્યકત કર્યુ હતું. આ -સંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીર પટેલ ઉપસ્થિત રહયાં હતા.

# અમેરિકન ફિલ્ડ સર્વીસ દ્વારા રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

અમેરિકન ફીલ્ડ સર્વિસ (એએફએસ) ગાંધીનગર ચેપ્ટર દ્વારા દર વર્ષે એપ્રિલ મહિનામાં ગ્લોબલ યુથ સર્વિસ ડે ઉજવવામાં આવે છે.

જેના ભાગરૂપે તા. ૧૩ એપ્રિલ સવારે ૯ થી ૧૨ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં ગાંધીનગર ખાતે રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન શિબિર યોજવામાં આવશે. રકતદાન શિબિરમાં મોટી સાંખ્યામાં નગરજનોને યોગદાન આપવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# શહેરની મહિલા સંસ્થાઓએ ચૈત્રી નવરાત્રિ ધામધૂમપૂર્વક મનાવી

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં વિવિધ સંસ્થાના મહિલા મોરચા દ્વારા ચૈત્રી નવરાત્રિની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્ર સુદ આઠમના દિવસે ગાયત્રી શકિતપીઠના સભાગૃહ ખાતે માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરના ગાયત્રી પરીવાર, સિનિયર સિટિઝન કાઉન્સિલ અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘ, જલારામ મહિલા મંડળ સહિતની શહેરની અનેક મહિલા મોરચા દ્વારા ચૈત્રી નવરાત્રિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગાયત્રી શકિતપીઠના સભા ગૃહમાં માતાજીના ગરબા યોજવામાં આવ્યા હતા. તેમજ આઠમના દિવસે ગાયત્રી પરિવાર દ્વારા ૧૦૮ દીપ પ્રગટાવી દીપયજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લતાબેન ચોકસી, પ્રતિભાબેન દવે, ગાયત્રી પરિવારના જશુબેન ઠકકર, સિસિકાના મીનાબેન શાહ, કુસુમબેન તન્ના ઉપસ્થિત રહ્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫

સૂર્યાસ્ત : ૬.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫

: સ્કીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦

: સ્કીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦

: સ્કીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫

: સ્કીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્કીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવુંપડશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

**વૃષભ** : સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે. આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે.

**મિથુન** : માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે.

**કર્ક** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. મિત્રોનો સહયોગ મળશે.

**સિંહ** : પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો. વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે.

**કન્યા** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે. પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે.

**તુલા** : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થશે.

**કુંભ** : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

## ચિરવિદાય

- સ્વ. સતીશકુમાર કાન્તિલાલ બારોટ (ઉ.વ. ૩૬) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સતીશકુમાર ગાંડાલાલ જયસ્વાલ (ઉ.વ. ૪૯) પ્લોટ નં. ૪૦૯/૧, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. મનોજકુમાર ગાંડાજી ઠાકોર (ઉ.વ. ૩૨) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.